**તુષાર એમ. ધોળકિયા,** આઈ.એ.એસ.
સભ્ય સચિવ

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)
"જલસેવા ભવન", છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.
ફેક્ષ : (૦૭૯) ૨૩૨૫૧૦૮૬
ફોન નં. : ૯૧-૦૭૯-૨૩૨૫૧૦૪૯, ૨૩૨૨૨૪૧૭
E-mail : msgwssb@gmail.com
Website : www.gwssb.gujarat.gov.in

પરિપત્ર ક્રમાંક:એબી/સીમે-૧-૨/પ્રી.ઓડિટ-ફિ નિર્ધારણ/૨૦૧૮-૧૯/ફા.નં.-૬૬-૬૩૪ તા.૦૯/૦૩/૨૦૧૯

પ્રતિ,

મુખ્ય ઇજનેરશ્રી ઝોન- ૧/૨/૩/૪/૫, વડોદરા,અમદાવાદ,રાજકોટ, ભુજ,જુનાગઢ
નિયામકશ્રી, જલ સેવા તાલીમ સંસ્થા, ગાંધીનગર.
કાર્યપાલક ઇજનેરશ્રી (યાંત્રિક), જા.આ.યાં સ્ટોર વિભાગ, ગાંધીનગર.

વિષય: પ્રી-ઓડિટ અંગેના મહેનતાણામાં સુધારો કરવા બાબત.

સંદર્ભ: (૧) અત્રેના પત્રક્રમાંક એબી/સીમે-૧.૨/પ્રિ-ઓડિટ/૨૦03-0૪/ફા.૨/૪૮૮૫, તા.૨.૭.૨૦૦૮
(૨) અત્રેનાપરિપત્રક્રમાંક એબી/સીમે.૧-૨/૨૦૧૩-૧૪/ફા.નં.૩૨/૪૧૯, તા.૨.૧૧.૨૦૧૮
(૩) અત્રેનાપરિપત્રક્રમાંક એબી/સીમે-૧.૨/૨૦૧૬-૧૭/ફા.નં.૬૩/૬૨૫, તા.૨૭.૨.૧૯

**પ્રસ્તાવના**

ગુ.પા.પુ. અને ગ.વ્ય બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવતા કામો અન્વયે સંદર્ભ (૧)ના પત્રની સૂચનાઓ મુજબ રૂ.૧૦(દસ) કરોડથી વધુ કિંમતના કામોના રનીંગ બીલ / ફાઇનલ બીલને બોર્ડ દ્વારા નિમણૂક કરવામાં આવેલ ઓડિટર પાસે પ્રિ- ઓડિટ કરાવીને જ ચૂકવણું કરવાની પ્રથા અમલી બનાવવામાં આવેલ છે. આ અનુસંધાને સંદર્ભ (૨) પ્રમાણેના પરિપત્રથી સદરહુની નાણાકિય મર્યાદા રૂ.૧૦/-(દસ) કરોડથી ઘટાડીને ૫/-(પાંચ) કરોડ કરવામાં આવેલ અને સંદર્ભ (૩) પ્રમાણેના પરિપત્રથી રૂ.૨/-(બે) કરોડથી વધુ કિંમતના (TPC-1 દ્વારા મંજૂર થયેલ) કામો માટે પ્રિ-ઓડિટ ફરજીયાત કરવામાં આવેલ છે. ઉપરોકત સુધારાઓને આનુષંગિક પ્રિ-ઓડિટ અંગેના મહેનતાણાના દરોમાં પણ સુધારો કરવો આવશ્યક જણાયેલ હોઇ, આ બાબતે નીચે મુજબ પરિપત્ર કરવામાં આવે છે.

**પરિપત્ર**

ગુ.પા.પુ. અને ગ.વ્ય બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવતા કામોના બીલોના પ્રી-ઓડિટ અંગેના દરોમાં તા.૧.૩.૨૦૧૯ ની અસરથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| પ્રી-ઓડિટની કામગીરી માટે મહેનતાણાના પ્રવર્તમાન દર | | | તા.૦૧/03/૨૦૧૯ ના રોજ કે ત્યારબાદ આપવામાં આવેલ વર્ક- ઓર્ડર માટેના મહેનતાણાના દર | |
|---|---|---|---|---|
| વર્તમાન મહેનતાણું | | | સૂચિત સુધારો | |
| a. | For pre-auditing of of bills of Rs.50 (Fifty) lakhs and above. | Rs.5000/- (Five Thousand) Per bill | For pre-auditing of bills of Rs.20 (Twenty) lakhs and above. | Rs.5000/- (Five Thousand) Per bill |
| b. | For Pre-auditing bills below | Rs.5,000/- for every 50(Fifty) lakhs, | For Pre-auditing bills below | Rs.5,000/- for every 20(Twenty) lakhs, |

| | પ્રી-ઓડિટની કામગીરી માટે મહેનતાણાના પ્રવર્તમાન દર | | તા.૦૧/૦૩/૨૦૧૯ ના રોજ કે ત્યારબાદ આપવામાં આવેલ વર્ક- ઓર્ડર માટેના મહેનતાણાના દર | |
|---|---|---|---|---|
| | વર્તમાન મહેનતાણું | | સૂચિત સુધારો | |
| | bills below Rs.50(Fifty) lakhs | every 50(Fifty) lakhs, clubbing the amounts of bills of materials and civil works together | bills below Rs.20(Twenty) lakhs | every 20(Twenty) lakhs, clubbing the amounts of bills of materials and civil works together |
| c. | TA/DA | To be paid as per State Govt. rules as Under:<br>For CA- as per the rates payable to class-1 officer of the state<br>For others – as per the rates payable to class-iii employees of the state. | TA/DA | To be paid as per State Govt. rules Under:<br>For CA - as per the rates payable to class-1 officer of the state<br>For others – as per the rates payable to class-iii employees of the state. |
| d. | Govt. taxes (except income tax), will be paid extra as per prevailing norms. | | Govt. taxes (except income tax), will be paid extra as per prevailing norms. | |

ઉપરોક્ત સુધારેલ ઓડિટ ફી/ મહેનતાણાના દર તા.૦૧/૦૩/૨૦૧૯ થી અમલમાં આવશે. તા.૦૧/૦૩/૨૦૧૯ બાદ જે કોઇ પણ બીલનું પ્રી-ઓડિટ કરાવવામાં આવે તે અન્વયે પ્રી-ઓડિટ કરનાર ઓડિટરશ્રીને ઉપર જણાવેલ સુધારેલ દર મુજબ પ્રી-ઓડિટની ફિ/મહેનતાણાની રકમનું ચૂકવણું કરવાનું રહેશે, પ્રી-ઓડિટરની નિમણૂંકના અત્રેથી આપવામાં આવેલ અગાઉના હુકમની મહેનતાણાં(Remuneration) અંગેની શરત આ મુજબ જરૂરી ફેરફાર પામેલી ગણાશે.

આ સૂચનાઓ તા.૦૧/૦૩/૨૦૧૯ થી અમલી બનશે.

(તુષાર એમ ધોળકીયા)
સભ્ય સચિવ

<u>નકલ સવિનય રવાના</u>

(૧) મા.અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી

<u>નકલ રવાના</u>

(૧) સીનીયર મેનેજર (ના/હિ), તમામ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહિ અર્થે.
(૨) સીસ્ટમ મેનેજર, બોર્ડ કચેરી તરફ. બોર્ડની વેબસાઇટ પર મૂકવા સારૂ.
(૩) નાયબ મેનેજર (ના/હિ) તમામ.
(૪) પ્રી-ઓડિટરશ્રી (તમામ).